# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૩ તા. ૧૯-૨-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : 'અમદાવાદ સ્થાપના દિન' નિમિત્તે તમામ શાળાઓમાં 'અમદાવાદ ડે' ઉજવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ૨૬મી ફેબ્રુઆરી 'અમદાવાદનો સ્થાપના દિવસ' છે. સ્કૂલ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોનાં માતા-પિતા કે વાલીને શિક્ષણનું મહત્ત્વ સમજાય અને બાળકો વધુ અભ્યાસ કરી પોતે પગભર થાય તેમજ પરિવારને સહાયભૂત થાય તેની સમજ કેળવવા તેમજ 'અમદાવાદ શહેર' વિશે માહિતી મેળવે તે હેતુથી 'અમદાવાદ ડે' ઉજવવાનું આયોજન કરેલ છે. આ દિવસે મ્યુનિ.સ્કૂલબોર્ડની શાળાઓમાં અભ્યાસ કરી હાલમાં ડૉક્ટર, વકીલ,શિક્ષક કે અન્ય ઉચ્ચ હોદ્દામાં કાર્યરત હોય તેવા પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન શાળા કક્ષાએ કરવાનું રહેશે. આ કાર્યક્રમના આયોજનમાં નીચે મુજબની બાબતો ધ્યાનમાં લઈ તેનું ચૂસ્તપણે અમલ કરવાનું રહેશે.

- ૨૬મી ફેબ્રુઆરીના દિવસે શાળામાંથી ભણીને ગયેલા ઓછામાં ઓછા ૧૦ પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું રહેશે.
- પૂર્વ વિદ્યાર્થીઓમાં ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, શિક્ષક, શિક્ષણશાસ્ત્રી, કેળવણીકાર, વ્યવસાયકાર જેવા જીવનમાં સફળ નીવડેલ મહાનુભાવોને બોલાવવાના રહેશે.
- તમારી શાળાની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીનો શાળાનો ઈતિહાસ, દાતાઓની વિગત,શાળામાં દાતાઓના નામની તક્તી હોય તો તેનો ફોટોગ્રાફ તથા અલગ કાગળમાં તક્તીનો ઉતારો, ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન હોય કે નિવૃત્ત થયા હોય તેવા પૂર્વ વિદ્યાર્થીઓની યાદી, વિવિધ સ્પર્ધાઓમાં શાળા દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરીની વિગત દર્શાવતી પ્રોફાઈલ શાળા દ્વારા તૈયાર કરવાની રહેશે. આ પ્રોફાઈલની એક નકલ શાળાએ બીટ સુપરવાઈઝરશ્રીને અચૂક મોકલી આપવાની રહેશે.
- શાળા પ્રોફાઈલમાં શાળાનો ઈતિહાસ દર્શાવવાનો રહેશે. શાળાના ઈતિહાસમાં શાળાનું સ્થાપના વર્ષ-ક્યા દાતા દ્વારા શાળા બિલ્ડીંગ આપવામાં આવ્યું, જે-તે વર્ષમાં આવેલ દાનની રકમ, ક્યાંક શાળાનો પ્રથમ માળ કોઈ એક દાતા દ્વારા અને બીજો માળ અન્ય કોઈ દાતા દ્વારા તૈયાર થયો હોય, શાળાના પ્રિમાઈસીસમાં રૂમો બનાવવામાં આવ્યા હોય કે વખતોવખત શાળાના નામાભિધાનમાં કે બિલ્ડીંગમાં થયેલ ફેરફારની જે-તે વર્ષના ઉલ્લેખ સાથેની માહિતી વગેરે વિગતો તેમજ અન્ય કોઈ વિશેષ માહિતી હોય તો તેની વિગત સ્પષ્ટ રીતે જણાવવી.
- શાળાનો ઈતિહાસ જાણવા અગાઉના નિવૃત્ત આચાર્યશ્રીઓ અથવા શાળા બિલ્ડીંગની આજુબાજુમાં વર્ષોથી રહેતા વયોવૃધ્ધ વ્યક્તિઓનો સંપર્ક કરી શકાય.
- આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવાકે- અમદાવાદની ઝાંખી રજૂ કરતી કૃતિઓ, અમદાવાદની વિકાસ યાત્રા વિશે વક્તવ્ય, ગરબો, બેટી બચાવો-બેટી પઢાઓ, સ્વચ્છતાના વિષય પર નાટક, ક્વીઝ, નૃત્ય, વેશભૂષા,દેશભક્તિગીત અમદાવાદ સંદર્ભે ગીત વગેરે રજૂ કરવાના રહેશે.
- 'અમદાવાદ ડે' ના કાર્યક્રમનો સમય ૧૧:૦૦ થી ૧૨:૩૦ સુધીનો રહેશે. શાળાના પ્રિમાઈસીસમાં બેસતી તમામ શાળાના તમામ ધોરણના વિદ્યાર્થીઓની કૃતિઓ રજૂ થાય તેવું આયોજન કરવું.
- ફેબ્રુઆરી માસ દરમ્યાન પ્રાર્થના સંમેલનમાં શાળા સ્ટાફ દ્વારા અમદાવાદના જોવાલાયક સ્થળો, હેરીટેજ ઈમારતો વગેરેની માહિતી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાની રહેશે.
- તા.૨૫-૨૬-૨-૧૬ના રોજ સમગ્ર શાળા બિલ્ડીંગને લાઈટીંગ (સિરીજ)થી સજાવવું.
- આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓને બોલાવવાના રહેશે. તેમજ જે તે વોર્ડના ધારાસભ્યો, કાઉન્સિલરશ્રીઓ તથા દાતાઓને સમયસર આમંત્રણ આપવાના રહેશે.
- સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી કરાવવી અને કાર્યક્રમનો અહેવાલ ફોટોગ્રાફ સાથે પોતાના બીટ સુપર.શ્રીને અચૂક મોકલી આપવાનો રહેશે.
- દરેક શાળાને 'અમદાવાદ ડે' ની ઉજવણી માટે રૂા.૧૦૦૦/- પેટે આપવાનું આયોજન વિચારાધીન છે. આ ઉપરાંત મુખ્ય શિક્ષકશ્રીઓએ લોકસહયોગથી આ કાર્યક્રમનું સુચારૂ આયોજન કરવું.

- એકજ બિલ્ડીંગમાં બેસતી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ સાથે બેસીને બિલ્ડીંગમાં રોશની કરાવવા બાબત, સાંસ્કૃતિક કાર્યક્રમ બાબત તેમજ મહેમાનોની બેઠક વ્યવસ્થા, આગતા-સ્વાગતા બાબત આયોજન કરવું.
- ૨૬મી ફેબ્રુઆરીના દિવસે 'અમદાવાદ ડે' ઉજવવા માટેના કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| ૧) પ્રાર્થના | ૫ મિનિટ |
| ૨) સ્વાગત પ્રવચન | ૩ મિનિટ |
| ૩) સ્વાગત વિધિ | ૪ મિનિટ |
| ૪) સાંસ્કૃતિક કાર્યક્રમ | ૫૦ મિનિટ |
| ૫) પૂર્વ વિદ્યાર્થી સન્માન | ૧૦ મિનિટ |
| ૬) અધ્યક્ષશ્રીનું પ્રવચન | ૫ મિનિટ |
| ૭) આભારવિધિ | ૩ મિનિટ |

તા. ૧૬-૨-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૫૪ તા. ૧૬-૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : ધોરણ ૧ થી ૫ ધરાવતી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની 'ચિંતન શિબિર ' બાબત.**

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણમાં પાયાનું કામ લોઅર પ્રાયમરી (ધો.૧ થી ૫) ધરાવતી શાળાઓમાં થાય છે, આ કક્ષાએ કાર્યરત મુખ્ય શિક્ષક અને શિક્ષકોની કેટલીક વિશેષ જવાબદારી બને છે.

'મા' ના ખોળામાંથી બાળક સીધુ પ્રાથમિક શાળામાં પ્રવેશે છે ત્યારે તેને ખાસ માવજતની જરૂર પડે છે. આપણી શાળાઓમાં આર્થિક રીતે પછાત વર્ગમાંથી આવતાં નાના-નાના ભૂલકાંઓના ચારિત્ર્ય ઘડતર, સ્વાસ્થ્ય, શિક્ષણપ્રદ અનુભવો, પ્રવૃતિ દ્વારા શિક્ષણ, શાળાકીય ભાવાવરણ જેવા વિષયો પર ચર્ચા વિચારણા થાય તે હેતુથી ધો. ૧ થી ૫ ના મુખ્ય શિક્ષકો માટે તા.૨૦/૨/૧૬ ના રોજ સ્કાઉટભવન, પાલડી ખાતે સવારે ૯:૩૦ કલાકે એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે, જેમાં મુખ્ય શિક્ષકશ્રીઓએ સમયસર હાજર રહેવું.

તા.૧૬-૨-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી